

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*શાળા-સંચાલકો છે ઝેરી સર્પો, દંશે ડસાયા છે,*
*આ શિક્ષણમંત્રી શિક્ષણનીતિથી હસાયા છે.*
*વસાયાં છે દ્વાર બધાં બચાવના સરકારનાં -*
*ઠરે ન કોઈ અમલ આદેશો, ફી માં ફસાયા છે...*
*(નબળું તંત્ર)*

### હાઈકુ

*સુવિધા નામે,*
*શિક્ષણ ની દૂકાને -*
*થાય વેપલો...*
*(શાળા સ્ટોરનો જ આગ્રહ)*

*કરૂણ રાગ*
*સરસ્વતી મંદિરે*
*વીણા-વાદન...*
*(બાળકો દુ:ખી)*

### ચિંતન

*બડે સનેહ લઘુન્હ પર કરહીં, ગિરિ નિજ સિરનિ સદા તૃન ધરતી,*
*જલધિ અગાધ મૌલિ બહુ ફેનૂ, સંતત ધરનિ ધરત શિર રેનૂ*

ઉપરોક્ત ચોપાઈ તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ છે.

જેમ પર્વત તણખલાને પોતાને માથે રાખે છે, સમુદ્ર અગાધ છે છતાં ફીણને ઉપર રાખે છે, પૃથ્વી હંમેશા ધૂળને પોતાના શિર ઉપર રાખે છે, તેન મોટાઓ હંમેશા નાના ઉપર પ્રીતિ રાખે છે.

જે સ્વભાવ અને ચારિત્ર્યથી મહાન છે એવા લોકો સ્વભાવ અને આચરણથી નમ્ર અને મહાન હોય છે. નાના અને નીચલા વર્ગના લોકોને પણ આદર-માન આપનારા હોય છે. અહીં પ્રકૃતિના તત્ત્વોનું ઉદાહરણ આપી આ વાત સમજાવવામાં આવી છે.

### સુવિચાર

- અભિનય છટાદાર ભાષણ છે - **શેક્સપિયર**
- સંપ્રદાયો માર્ગમાં એટલા ગીચ હોય છે કે એમની ઝાડી ભગવાનને ઢાંકી દે છે - **અખંડ આનંદ**
- કૃપાની વ્યાખ્યા આમ અપાઈ છે :
  આત્માની આંતરિક સંવાદિતાની બાહ્ય અભિવ્યક્તિ - **વિલિયમ હેઝલીટ**
- બીજી બધી શક્યતાઓ પૂરી થઈ જાય છે ત્યાં સુધી ઘણા ઓછા માણસો પોતાની જાતને દોષ આપે છે - **નિત્સે**
- હે પ્રભુ!! પ્રમુખ થવા કરતાં મને સાચો બનાવી દો - **અબ્રાહમ લિંકન**
- છોડી ફીજૂલ બાતોં કો બડી મત બનાવો, વર્ના તુમ છોટે હો જાઓગે - **સ્વામિ ધર્મબંધુ**
- આજનું ઔષધ - શીતળાનો રોગચાળો ચાલતો હોય ત્યારે આમળીના પાન અને હળદર ઠંડા પાણીમાં મેળવી પીવાથી શીતળા નીકળવાનો ભય રહેતો નથી **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ફીફા વર્લ્ડકપ ફૂટબોલ - ૧૯૮૬ની સાલની સેમીફાઈનલ મેંચમાં ગેરી લેનેગર નામનો ઈંગ્લેન્ડની ટીમનો ધરખમ ખેલાડી કે જેણે ૫ ગોલ કરી ઈંગ્લેન્ડને જીતાડી દીધું. મેચ પૂરી થયા પછી પત્રકારોએ ગેરીને પુછ્યું, 'આપ આટલા સરસ ફુટબોલના ખેલાડી છો એટલે તમારે યોગ્ય સમયે, યોગ્ય જગ્યાએ મેદાનમાં હોવ એટલે તમે તરત ગોલ કરી શકો એવું??'

ત્યારે ગેરીએ અદભૂત જવાબ આપ્યો, 'ના, યુ વેવ ટુ બી એટ ધી રાઈટ પ્લેસ ઑલ ધ ટાઈમ...' (અર્થાત્ ગોલ કરવા માટે મેદાનની દરેક જગ્યા યથાર્થ જ છે.) રાઈટ ટાઈમ જેવું કંઈ હોય નહીં.

# પ્રતિસ્પર્ધીઓને નામશેષ કરવાની રાષ્ટ્રીય ઝુંબેશ

**તંત્રીસ્થાનેથી...**

દિલ્હી એમસીડીનું મતદાન સંપન્ન થઈ ગયું અને જીત પૂર્વધારણા મુજબ એક્ઝિટ પોલ ભારતીય જનતા પાર્ટીની જીત સુનિશ્ચિત હોવાનું જણાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે દિલ્હીનો લોકમત અંકે કરવો તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. વડાપ્રધાન બન્યા પછી પણ નરેન્દ્ર મોદીને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ એક યા બીજા મુદ્દે સતત પડકારતા રહ્યા છે. સામે પક્ષે કેજરીવાલના દિલ્હીના રજવાડાને વેરવિખેર કરવા મોદી પણ આકાશપાતાળ એક કરતા રહ્યા. એમની અધૂરીપધૂરી સત્તા પર દિલ્હીના લેફટેનંટ ગર્વનરની કરડી નજર રહી જેને કારણે કેજરીવાલ એમના કાર્યક્રમોના અમલીકરણને અંજામ ન આપી શક્યા. દિલ્હીના પોલીસ કમિશ્નરે પણ કેજરીવાલ વિરુદ્ધ મોરચો માંડી કેન્દ્રની વફાધારી નિભાવી. આખરે એક પછી એક કેજરીજનો સામે કાં તો આરોપનામાં ઘડાયાં કાં તો એમને વ્યૂહાત્મક રીતે કેજરીવાલની પાંખમાંથી સેરવી લઈ મહત્ત્વાકાંક્ષી અને લડાયક મિજાજના ખમીરવંતા પ્રતિસ્પર્ધીને એના ઘરમાં જ ખતમ કરવાની રાજનીતિ ખેલાઈ. કેજરીવાલે મોદી વિરુદ્ધ વારાણસીમાં ઉમેદવારી કરી ત્યારથી જ તે મોદીને પોતાના પોટેન્શિયલ પ્રતિસ્પર્ધી લાગવા માંડ્યા હતા. દુશ્મન અને રોગને ઊગતા જ ડામી દેવાની ચાણક્ય ચાલમાં હાલ તો મોદી-શાહની જોડીને ધારી સફળતા સાંપડી હોય એમ લાગે છે. આમ આદમી પાર્ટીએ કેજરીવાલના નેતૃત્વમાં દિલ્હી વિધાનસભામાં મેળવેલ ઐતિહાસિક વિજય હવે ભૂતકાળની ઘટના બની ગઈ છે, એ જ રીતે આધુનિક દિલ્હીનાં વિશ્વકર્મા સમાં પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત પણ જનમાનસનાં હાંસિયે ધકેલાઈ ગયાં છે. કોંગ્રેસના દિલ્હી પ્રદેશ સ્તરના વગદાર અગ્રણીઓને એક પછી એક રાજીનામા અપાવી ભાજપે પોતાની પાંખમાં લેવા માંડ્યા છે. અરવિંદર સિંહ લવલી કોંગ્રેસના શીખ ચહેરા લેખે જાણીતા હતા. તો વળી બરખાસિંહ શુક્લા મહિલા અગ્રણી સ્વરુપે કાર્યરત હતા. બેઉએ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને વર્તમાન પ્રદેશ પ્રમુખની રીતિનીતિ વિરુદ્ધ નિવેદનો કરી એમસીડીની ચૂંટણીની પૂર્વસંધ્યાએ જ કોંગ્રેસની રહી સહી શક્યતાઓ પણ પાણી ફેરવી દીધું હતું. પંજાબ વિધાનસભાની ચૂંટણી ટાણે નવજોત સિદ્ધુ જેવા તરવરિયા શીખ અગ્રણીને તોડી લાવીને કોંગ્રેસ મોદીને જે ભોંઠપ લગાડી હતી એનો બદલો લઈ રહ્યા હોય એમ મોદી અને શાહે દેશભરમાંથી અસંતુષ્ટ કોંગ્રેસીઓને અને કેજરીભક્તોને ભાજપમાં ભરતી કરવાનો રાષ્ટ્રીય કાર્યક્રમ ચાલુ કરી દીધો છે. મોદી-શાહ માટે વર્તમાન સમય પોતાના સામ્રાજયના વિસ્તાર માટે અનુકૂળ છે. જમ્મુ-કાશ્મીર સિવાય એમની સામે બીજી કોઈ મોટી સમસ્યા નથી. કદાચ જમ્મુ-કાશ્મીરમાં ભારતીય જનતા પાર્ટી મહેબૂબા સરકારનું સમર્થન પાછું ખેંચી લઈ ૩૭૦મી કલમ નાબૂદ કરવાનો સંકલ્પ જાહેર કરશે તો ૨૦૧૭થી લઈ ૨૦૧૯ સુધીની ચૂંટણીઓમાં હિંદુત્વ સહિતના મુદ્દાઓ સાથે સાનુકૂળ પરિણામોની પરંપરા સર્જવામાં એમને ભાગ્યે જ કોઈ અડચણ પડશે. પ્રતિકૂળતાઓને અનુકૂળતામાં ફેરવી જાણવાનો કીમિયો આ બેઉ ગુજ્જુ નેતાઓને હાથવગો છે.

# કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને જીવન પ્રત્યેનો અભિગમ ઉત્તમ પથ તરફ લઈ જાય છે

ઓલિયાએ કહ્યું, 'ઉપાય છે. હું કહું તેમ કરીશ?'

તેણે જવાબમાં કહ્યું, 'હા બાપજી, મંજૂર પણ મને આ દુ:ખમાંથી છોડાવો.'

તેને ખરેખર ફરિયાદ હતી. તેનું માથું દુ:ખે, હાથ પગ દુ:ખે, પીઠ દુ:ખે વગેરે વગેરે. આ દુ:ખાવામાંથી તે હેરાન પરેશાન થઈ ગયો. એક ઓલિયો તેને મળે છે, કહે છે કે 'હું કહું તેમ કરીશ તો તારું દુ:ખ દૂર થઈ જશે.' ઓલિયો તે વ્યક્તિને તેના ઘરની બહાર લઈ જાય છે, સહેજ આઘે જતાં એક મોટી શીલા (ખડક) દેખાય છે. ઓલિયાએ કહ્યું, 'તારે રોજ આ શિલાને બે હાથ વડે ધક્કો મારવાનો.' એ વ્યક્તિએ વાત સ્વીકારી લીધી. દરરોજનો ક્રમ બની ગયો. શિલાને રોજ બે હાથ વડે ધક્કો મારે. ખૂબ પ્રયત્ન કરે. નિષ્ઠાપૂર્વક કરે. ધીરે ધીરે તેની ફરિયાદ દૂર થવા લાગી. તેનું અંગે અંગ સાજુ થઈ ગયું. તે એકદમ સ્વસ્થ થઈ ગયો. પરંતુ સમાન્ય સમાજમાં બને છે તેમ કોઈકે આવીને તેની કાન ભંભેરણી કરી અને કહ્યું કે, 'ભાઈ, આ મોટી શિલાને તું રોજ ધક્કો મારે છે, ખૂબ પ્રામાણિક પ્રયત્ન કરે છે. બધી વાત સાચી. પરંતુ શિલા એક ઈંચ પણ ખસી છે ખરી?' તેણે જવાબ આપ્યો. 'ના', 'તો બંધ કરી દે. શિલાને ધક્કો મારવાનું. ખોટી મહેનત કેમ કેર છે?' આપણે ત્યાં ગેરમાર્ગે દોરનારાઓનો તોટો નથી. વ્યક્તિએ શિલાને ધક્કો મારવાનું બંધ કરી દીધું. થોડાક દિવસો પછી ફરીથી તેની ફરિયાદ શરુ થઈ. શરીર દુ:ખે છે. પગ દુ:ખે છે માથું દુ:ખે છે. હાથ દુ:ખે છે વગેરે વગેરે... એણે ઓલિયા પાસે જવાનું નક્કી કર્યું. તેણે પુનઃ ફરિયાદ કરી. મને ઠીક નથી. દુ:ખાવો ફરીથી ચાલુ થઈ ગયો છે.

ઓલિયાએ કહ્યું, 'શિલાને ધક્કો મારવાનું ચાલુ છે?' તેણે જવાબ આપ્યો, 'ના, બંધ કરી દીધું. દરરોજ શિલાને ધક્કો મારું છું પરંતુ એક ઈંચ પણ જગ્યા પરથી ખસી નથી. નકામો પ્રયત્ન કરીને શું ફાયદો?' ઓલિયોએ તે વ્યક્તિને જીવનનો સાર સમજાવતો જવાબ આપ્યો કહ્યું, 'ભાઈ, શિલા ખસે છે કે નહિ તે જોવાનું તારું કામ નથી. તારું દર્દ ઓછું થયું કે નહિ એ અગત્યનું છે.'

જગત આખું બગડ્યું છે. આભ ફાટ્યું છે ત્યાં હું થીંગડું મારવા કયાં જાઉં ? મારા એકલાથી શું થાય? આખો સમાજ જ બગડી ગયો છે. ત્યાં મારી સચ્ચાઈ શું કામ લાગશે? પ્રામાણિકતા અને મૂલ્યનિષ્ઠા શબ્દો માત્ર રહી ગયા છે. તેનાં શબ્દાર્થને વ્યંજના લુપ્ત થવા લાગ્યા છે. સામાન્ય માણસની આવી કોમન ફરિયાદ રહી છે.

ઓલિયાએ કહ્યું તેમ તારું કામ માત્ર શિલાને ધક્કો મારવાનું છે. નિયમિત રીતે ધક્કો માર. પ્રમાણિકતાપૂર્વક ધક્કો માર. કામચોરી કે બેદરકારી ન કર. તારે માત્ર તારું કર્મ કરવાનું છે. કર્મ એ જ ધર્મ. પોતાનું કાર્ય નિષ્ઠાપૂર્વક કરવું એ પણ ભક્તિનું જ સ્વરુપ છે. આખા જગતને સુધારવાને સ્વીકારી લીધેલો ઠેકો ત્યજવા જેવો છે. મને સોંપવામાં આવેલા કર્મને હું ઉત્તમ રીતે પાર પાડું, બધી જ શ્રેષ્ઠતા ઠાલવી દઉં, બસ.

ફરિયાદ કરવી એ પણ જીવાતા દષ્ટિકોણ ખાણી ગણી શકાય. શિલા ખસે છે કે નહીં તેની ચિંતા કરતાં કરતાં તેને બે હાથે પ્રયત્નપૂર્વક ધક્કો મારવાનો ચાલુ રાખવામાં જ ડહાપણ છે. ફરિયાદ કરનારો એક વર્ગ એવો છે કે જે માત્ર ફરિયાદી રાગ જ આલાપતો રહે છે. છેવટે તેઓ કયાંક પહોંચતા નથી હોતા. આખો બગીચો બગડેલો હોય તેની ફરિયાદ કરવાને બદલે મારા ભાગે આવેલા એક કુંડાની તો હું ઉત્તમ માવજત કરી જ શકું છું. કાર્યપ્રત્યેની નિષ્ઠા અને જીવન પ્રત્યેનો અભિગમ ઉત્તમ પથ પર લઈ જાય છે. સચીન તેંડુલકરે તેની કારકિર્દીમાં તેને પૂછાયેલા તમામ પ્રશ્નોનો જવાબો બેટથી આપ્યા છે. શું વિદ્યાર્થી તેના શિક્ષકોને, સમાજ કે સગા-સંબંધીને પોતાની માર્કશીટ દ્વારા જવાબ આપી શકે ?

(સ્ત્રોત : પ્રા. ડો. એમ.જી. ચૌહાણ)



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડો. સંતોષ દેવકર

મિસરી
'ચમત્કાર કોઈ થવાનો નથી
યમદૂત પાછો જવાનો નથી
નથી કોઈ ચહેરો તિરાડો વગર
કચરલી વગરના મકાનો નથી.'

(આદિલ મન્સુરી)

# માસ્તરે લાલ પેન્સિલ છોલી અને ફરી છોલી

માસ્તરે લાલ પેન્સિલ છોલી અને ફરી છોલી.
પછી તેણે ચશ્માં લૂછ્યાં, અને એકવાર ફરી લૂછ્યાં.
અર્થ ચરકતા અક્ષરોની કાગભીડમાં
માસ્તર પ્રવેશ્યા માર્ક આપતા : દુ:ખતી આંખો ઝીણી કરતા
તમાકુનો વેપારી, વીમા એજન્ટ, કોન્ટ્રાક્ટર
ત્રણે એ વિદ્યામંદિર બાંધ્યુ :
કર્તૃત્વ એનું મહાન કે તે ત્રણેએ
સટ્ટાબજાર, શાળા અને પોતાનાં ધોતિયા સંભાળ્યાં.
માસ્તરના પગ નીચે ગલગલીયા - લાદી આવી
માસ્તરની ટોપી પર શાળાનું છાપરું આવ્યું.
ધ્યેય જેવા ધોળા ધોળા ચોકની કરચ
માસ્તરના નાક વાટે ફેફસાની અંદર ગઈ
માસ્તરે લાલ પેન્સિલ છોલી અને ફરી છોલી
પછી તેણે ચશ્માં લૂછ્યાં, અને એક વાર ફરી લૂછ્યાં.
- મંગેશ પાવગાંવકર

આમ તો મંગેશ પાવગાંવકર નામક સુપ્રસિદ્ધ મરાઠી કવિની આ મરાઠી કવિતા ૧૯૬૩માં લખાયેલી છે. પણ આજે એપ્રિલ-૨૦૧૭ના અંતમાં પણ એટલી જ પ્રસ્તુત લાગે છે.

વાર્ષિક પરીક્ષાઓ બધી જ શાળાઓમાં પૂરી થઈ ગઈ છે અને હવે આગામી સપ્તાહ સુધીમાં પરિણામ જાહેર થઈ જવાના છે, બોર્ડ એકઝામના પરિણામોને જો કે એકાદ મહિનાની વાર લાગશે! પરંતુ ત્યાં સુધીનો વચ્ચેનો જે આ સમય છે, તે પેપર ચેકીંગનો, શિક્ષકોની લાલ પેન ઘસવાનો સમય છે...

આજે જયારે સમય આગળ વધી ગયો છે, અવનવા ટીચીંગ એઈડ સાથે ભણવાનો તો માત્ર શિષ્ટાચાર જ બચ્યો છે, ત્યારે પણ પ્રશ્નપત્ર - ઉત્તરવહીમાં લાલ પેનથી મળતા માર્કસનું થોડું તો થોડું પણ મહત્ત્વ રહ્યું છે ખરું !

શિક્ષકોનું અવમૂલ્યન આઝાદ ભારતમાં ડૉલર સોમ રુપિયાના અવમૂલ્યન બાદની મોટી ઘટના છાપાની હેડલાઈટ માટે બનાવી શકાય... ગુરુજી, માતા સ્તર રુપી માસ્તરનું સ્થાન હવે પંતુજીમાં રહી ગયું છે...

વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા જવલ્લે જ શિક્ષકોને માન (ખરા સન્માન)થી જોવામાં આવે છે.

શાળા સંચાલકો, વિદ્યાર્થીઓ, વાલીઓ આ ત્રિકોણની ત્રિવેણી દ્વારા શિક્ષક સતત ઠેબે જ ચડતો રહ્યો છે.

હવે લક્ષ્મીના સાધકો સરસ્વતીની હાટડી કાઢતા નજરે ચડે છે.

છેલ્લા દસ વર્ષથી બી.એડ્. પી.ટી.સી.ની કૉલેજો બંધ થતી રહી છે... કોઈ નવલોહીયાને શિક્ષક બનવાની હોશ નથી... કોઈ ચારો ન વધે તો પરાણે ટીચીંગ લાઈનમાં આવે છે... જે સારા શિક્ષકો છે, તે કોઈ પ્રાઈવેટ કોચિંગ કલાસ ખોલીને બેસી ગયા છે, અથવા ત્યાં નોકરી કરી રહ્યા છે.

કારણ કે સરકાર દ્વારા શિક્ષણ અને શિક્ષક બંનેનું સ્તર તળીયે લાવી દેવામાં આવ્યું છે... પોલિયોના ટીપા પીવરાવાથી માંડીને વસ્તી ગણતરી સુધીના સઘળા કાર્ય શિક્ષકોને માથે થોપવામાં આવે છે.

શિક્ષકોને શિક્ષણ પદ્ધતિમાં નાવીન્ય લાવવાનું તો પછી કહેવાય છે, પહેલા તો ક્લેરીકલ વર્કમાં પરોવી દેવાય છે... ડેટા મેઈન્ટેઈન રાખવા રહેવાનું શિક્ષણના આંકડા સાચા હોવા જોઈએ... ગુણવત્તા સાથે નિસ્બત નથી...



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

સામે વાલીઓ અને વિદ્યાર્થીઓને પણ શૉ બિઝનેસ ગમે છે... આપણને 'સાચું' નહીં 'સારું' શિક્ષણ ગમે છે.

જયારે શાળાની એડમાં એવું લખવામાં આવે કે એસી કલાસરુમ છે, વિશાળ કેમ્પસ, બસની સુવિધા, લશ ગ્રીન કેમ્પસ... ખલાસ! અભિવાવક હોવાના નાતે આપણે ચોંકી જવું જોઈએ કે આ સંસ્થામાં અનુભવી શિક્ષકોના મથાળા માર્યા નથી એટલે ગમે તેવી સોનૌની થાળી પીરસે પણ લોઢાની મેખ એ છે કે, શિક્ષણ-શાળાનો મૂળ આત્મા શિક્ષકની ગુણવત્તા ગાયબ છે.

ગુરુદ્રોણ, સાંદિપનીના જમાના પાછા આવવાનો તો કોઈ સવાલ જ નથી પરંતુ સામાન્ય ગુરુ-શિષ્ય પરંપરા પણ ઘસાઈ ગઈ છે...

શિક્ષક માટે પૂજનીયપણું તો હવે વિદ્યાર્થીઓ કે વાલીએ કે સંચાલકો દ્વારા કયાય દેખાયું નથી,

જાપાનમાં શિક્ષકોને વિશેષ અધિકારો આપવામાં આવે છે, વિશિષ્ટ નાગરિક તરીકે અલગ સવલતો અપાય છે, સરકાર દ્વારા જ આવા પ્રયત્ન થાય છે. અહીંયા તો ફિક્સની માયાજાળમાંથી વિદ્યાસહાયકો ઊંચા આવતા નથી... એટલે જ ગુણવત્તા સભર યુવા ગણ શૈક્ષણિક લાઈનમાં આવવા જ નથી માંગતુ, અને 'બી' કેટેગરી અને 'સી' કેટેગરીના કોઈ ચારો ન બચ્યો હોય તેવા ઉમેદવાર સ્પર્ધાત્મક પરીક્ષાઓના કલાસીસમાં બે મહિનાનો કોર્સ કરીને ઈન્સ્ટન્ટ મેગી નૂડલ્સની જેમ માસ્તર બની જાય છે.

ગુણવત્તા સભર શિક્ષણની અપેક્ષા તેમની ઉપર ન રાખી શકાય.... જયારે શાળામાં આવીને પણ ભણાવવા સિવાય - મધ્યસ્થ ભોજન, અક્ષયપાત્રની જવાબદારી, વસ્તીપત્રકો ભરવાની જવાબદારી જેવા વૈતરા સોપવામાં આવતા હોય ત્યાં મૌલિક શિક્ષણ આપવાની વાતો સ્વપ્ન સમાન છે...

બાકી લાલ પેનથી ઉત્તરવહીમાં તમારા ગડબડીયા અક્ષરોને ઉકેલી ઉકેલીને ચશ્માના નંબર લાવી લેનાર શિક્ષકો પ્રત્યે રિઝલ્ટ લેવા જતી પૂજ્યભાવ રાખીએ તો 'એ' ગ્રેડ મેળવ્યા બરાબર જ લેખાશે...

સમાજમાં શિક્ષક, કિસાન, અને સૈનિકને જયાં સુધી સન્માનની દષ્ટિથી અને માળખાગત અધિકારોથી વંચિત રાખવામાં આવશે ત્યાં સુધી સમાજ અધ:પતનની ગર્તામાંથી ઊંચે ઊઠી શકવાનો નથી...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# પ્રમાણિકતા જાત સાથેની અને સામેની વ્યક્તિ સાથેની બંને ઉપકારક નીવડે છે

'ના હોય, મેં તો ગણીને જ આપ્યા હતા... પાંચ નોટ હતી...'

સાચી વાત છે, પાંચ જ હતી, પણ એ રૂપિયા એક હજારની નહિ, બે -બે હજારની હતી... લ્યો આ પૈસા પાછો...

આવો સંવાદ તાજેતરમાં અમદાવાદમાં થયો અને પૈસા આપનારની ગણતરી ભૂલ તથા લેનારની ઈમાનદારી થકી એ નાનકડો પ્રસંગ ઈમાનદારીના દીવડા પ્રજ્વલિત કરી ગયો.

સતત ઘરકામમાં એન પ્રવૃત્તિમાં રહેતા લોકોથી થતી સાહજિક ભૂલમાંથી નિષ્પન્ન થયેલી હકારાત્મકતાથી ઉર્જાનો સંદેશ લાવનારી ઘટના કાંઈક આવી છે.

વાત છે અમદાવાદમાં રહેતા એક પરિવારની. પરિવારના સભ્યો પૈકી પુરુષને અવાર-નવાર બહારગામ જવાનું થાય. મોટા ભાગે સવારથી સાંજ અથવા ઘણીવાર બે-ત્રણ દિવસના સળંગ કામ પણ હોય. પરિવારના સભ્યો અને મિત્રો પ્રવાસના પણ શોખીન એટલે બહારગામ જવાનું થાય. મોટાભાગે સવારથી સાંજ અથવા ઘણીવાર બે-ત્રણ દિવસના સળંગ કામ પણ હોય. પરિવારના સભ્યો અને મિત્રો પ્રવાહના પણ શોખીન એટલે બહારગામ જવાનું થાય ત્યારે પ્રાઈવેટ લકઝરી કે ટ્રેઈન અથવા પ્લેઈનનો ઉપયોગ સામાન્ય રીતે કરે. આ ઉપરાંત અવારનવાર ટેક્સી પર ભાડે કરવી પડે તો કરી લે. જરૂર પડે પોતાની ગાડીમાં ડ્રાઈવર પણ રાખી લે, જેથી ડ્રાઈવીંગ કરતી વખતે પુસ્તકો વાંચવામાં કે સંગીત સાંભળવામાં અને ફોન રિસીવ કરવામાં સરળતા રહે.

સ્વાભાવિક રીતે બે-ત્રણ વ્યક્તિઓ સાથે નિયમિત સંપર્કો હતા. તેઓ એમના ગ્રુપમાંથી ગાડીઓ સપ્લાય કરે. એમાંના જ એક મિત્ર દક્ષેણભાઈ... એમની સાથે પારિતોષિક સંબંધ અને વળી રહેવાનું પણએક જ સોસાયટીમાં દેશ-વિદેશમના મહેમાનો માટે ગાડી ભાડે આવ્યા કરે પરંતુ ગાડીની કે ડ્રાઈવરના વાણી-વર્તણૂંકની કયારેય કોઈ ફરિયાદ ના આવે. બંને પક્ષે સહેજ પણ ઉચાટ નહિ. વડિલોને કે મહિલાઓને બહારગામ જવાનું આવે તો પણ જરાયે ચિંતા ન થાય એવી સુંદર એમની સર્વિસ એક દિવસ પ્રવાસ ગોઠવાયો ત્રણ દિવસનો. કચ્છના નાના રણને ત્યાંથી વળી અમદાવાદને ત્યાંથી સૌરાષ્ટ્રમાં...એમાં પાછા આવીને એક મરણ પ્રસંગે જવું પડ્યું બરવાળા... દક્ષેશભાઈએ એમના એક યુવાન મિત્ર આશિષ ત્રિવેદીને કહ્યું કે, 'તમે જઈ આવો...' એ સમયસર આવી ગયા. સાલસ સ્વભાવ, ડ્રાઈવીંગ પણ સાવચેતી ભર્યું, કોઈ આડી અવળી આદતો નહિ... બિનજરૂરી બોલવાનું નહિ... આમ પેલા પરિવારને કોઈ તકલીફ એમને પડવા દીધી નહિ... સામાન્ય રીતે હોય છે એમ ડીઝલના પૈસાનો ઉપાડ બાદ કરીને આપવાના થતાં પાંચ હજાર એકસો રૂપિયા હવે બાકી હતા. દક્ષેશભાઈ સાથે સામાન્ય રીતે હિસાબ થાય, પરંતુ એમણે જ કહ્યું કે, 'પૈસા જે બાકી છે તે આશીષભાઈને આપી દો...' પેલા ભાઈ ફરી બહાર હતા એટલે એમને પત્નીને કહી દીધું કે આશીષ આવે તો પૈસા આપી દેજો.... એ આવ્યા અને બંધ કવરમાં તૈયાર રાખેલા પૈસા લઈને જતા રહ્યા... એમણે એ રકમ કોઈ બેંકમાં ભરવાની હતી. બેંકમાં જઈને કવર ખોલ્યું તો પાંચના બદલે દસ હજાર એકસો હતા.... અચાનક ચમક્યા... તુરંત ફરી ગણ્યા... બે-બે હજારની પાંચ નોટ હતી... ફોન કર્યો... કહ્યું કે તમે બમણાં પૈસા આપ્યા છે...




**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

બેંકમાં પૈસા ભરી- પોતાના બીજા કામો એક બાજુ મુકીને પહેલા પૈસા પાછા આપવા ગયા... પેલા બહેને કહ્યું કે, 'મારા મનમાં હતું કે એક એક હજારની નોટ છે.' એમણે આમ બે-બે હજારની નોટ આપી દીધી હતી.

સારું થયું કે આશીષભાઈ પ્રમાણિક હતા. બાકી ઘણીવાર જાણીતા લોકો પણ આવી ઘટના બન્યાની જાણકારી થયા બાદ હાથ મૂકવા દેતા નથી અને વાત સ્વીકારતા પણ નથી અને વાત સ્વીકારતા પણ નથી. આપણે સામેથી જાણ કરી અને પ્રમાણિકતાનો એક આદર્શ દાખલો બેસાડ્યો.

મજાની વાત તો એ હતી કે આવી ઘટના બન્યાનું કહેવાનું પત્ની ભૂલી ગઈ એટલે જયારે બીજા કોઈ કામે આશીષનો ફોન આવ્યો ત્યારે જ એને ખબર પડીને એમણે કહ્યું, 'સારું થયું તમે પ્રમાણિકતા દાખવી...'

સહુ મનોમન રાજી થયાને પતિએ ઘરના બાળકોને આખી ઘટના સંભળાવી કહ્યું, 'ભવિષ્યમાં આપણે આવી ભૂલ ના કરીએ તેવું ધ્યાન રાખવું કારણ કે હંમેશા સામે પ્રામાણિક માણસ જ હોય એવું ન પણ બને '



પ્રમાણિકતા જાત સાથેની અને સામેની વ્યક્તિ સાથેની બંને આપણેને ઉપકારક નીવડે છે - બંનેથી આપણને ફાયદો થાય છે. પ્રમાણણિકતાપૂર્વક જીવન જીવનારા માણસો મોટાભાગે પોતાની પ્રમાણિકતા વિશે બોલતા નથી - એમના કામ બોલે છે. એમની પ્રામાણિતાની લોકો નોંધ લે છે.

અનુભવે એવું પણ જોયું છે કે પ્રમાણિકતા માણસોના વ્યવહારોને કારણે એમના ધંધા-રોજગારમાં પણ વિશેષ બરકત આવે છે - સતત વૃદ્ધિ થતી રહે છે. આવી પ્રામાણિકતા આપણી આસપાસ દેખાય ત્યારે ઈમાનદારીના દીવડા પ્રગટે છે અને અજવાળા રેલાય છે.

Honesty is the best Policy when there is money in it.

**- માર્ક ટ્વેઈન**